


## વિદેશી મહેમાનો મધૂર ડેરીની મુલાકાતે

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર એન્ટર પ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેશ ડેવલપમેન્ટ નોઈડા સાથે ૩૩ દેશોના મહેમાનોએ મધૂર ડેરીની મુલાકાત લીધી હતી. મહેમાનોએ ડેરીમાં નવુ કન્ટીન્યુઅન્સ બટર મિલ્કીંગ મશીન અને તેમાંથી ઉત્પાદન થતું માખણ, છાશ, બનાવવાની પદ્ધતીથી અભિભૂત થઈ ઉઠ્યા હતા. આ પ્રસંગે મનપાના કમિશનર, હિંગરાજીયા, ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, મેનેજીંગ ડિરેક્ટર રોહિત મહેતાએ ઉપસ્થિત રહી ડેરી વિશેની માહિતી પુરી પાડી હતી.

# હોળી-ધૂળેટીમાં પોલીસનું ખાસ પેટ્રોલીંગ અને બંદોબસ્ત

### છાકટા બનીને કે હુરીયો બોલાવીને ત્રાસ ફેલાવતા લોકોની જાણ પોલીસ કંટ્રોલમાં કરવા સુચન

ગાંધીનગર, તા. ૧૬

હોળી-ધુળેટીના તહેવારમાં દારૂના નશામાં છાકટા બનીને ધમાલ કરતા કે હુરીયો બોલાવી લોકો માટે ત્રાસ બની જતા શખ્સોને પકડવા ગાંધીનગર પોલીસનું સતત પેટ્રોલીંગ રહેશે અને ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આવા તત્વો દેખાય તો તાત્કાલિક જીલ્લા પોલીસ કંટ્રોલમાં જાણ કરવા સુચન કરવામાં આવ્યું છે.

હોળી-ધુળેટીમાં દારૂના નશામાં છાટકા બનેલા અસામાજીક તત્વો દ્વારા ધમાલ મચાવવામાં આવતી હોય છે. આવા સંખ્યાબંધ કિસ્સાઓ અગાઉ બની ચુક્યા છે. તે ઉપરાંત રંગ છાંટવાના બહાને યુવતીઓની છેડતીના કિસ્સાઓ પણ બનતા હોય છે. ઢોલ-નગારા લઈને ઘરે-ઘરે રૂપિયા ઉઘરાવવા ફરતી ટોળકી પણ ક્યારેક ગુનો આચરી જતી હોય છે. આ તમામ કિસ્સાઓ ઉપરાંત ચિચિયારીઓ પાડીને કે હુરીયો બોલાવીને આમ પ્રજાને ત્રાસદાયક કૃત્યો પણ થતા હોય છે. ઉપરોક્ત કોઈપણ ઘટના બને તો તાત્કાલિક પોલીસ કંટ્રોલરૂમનો સંપર્ક કરવા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે સુચન કર્યુ છે. તે ઉપરાંત પોલીસ શહેરના વિવિધ વિસ્તારોમાં સતત વોચ, પેટ્રોલીંગ અને ખાસ બંદોબસ્ત પણ ગોઠવી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા ભરશે.

## વિટકોસ સેવા ધુળેટીએ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરીજનોને તા. ૧૭મી માર્ચના દિવસે ધુળેટી નીમિતે વિટકોસ સીટી બસ સેવાઓ બંધ રહેશે. તા. ૧૮મી માર્ચના રોજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

## ઈન્ફોસિટી કલબ ખાતે ધૂળેટી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં આવેલી ઈન્ફોસિટી કલબ ખાતે તા. ૧૭ માર્ચ ધૂળેટીના દિવસે સવારે ૧૦થી ૨ કલાક સુધી ડી.જે.ના તાલે ઉજવવામાં આવશે. કાર્યક્રમમાં સંસ્થા દ્વારા ધૂળેટી ઉજવવા કલર અને બપોરે લંચ આપવામાં આવશે. કલબ ખાતે ઘૂળેટી ઉજવવા આવવા ૯૪૨૮૪ ૫૧૦૦૭, ૯૮૯૮૯૪૪૫૯૯ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

## સંસ્કાર ગૃપ કેસુડાના રંગે રંગાશે

ગાંધીનગર, તા. ૧૬ઈ

હોળી-ધૂળેટીના તહેવારે સંસ્કારગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર સંસ્થાના સભ્યો અને નગરના બાળકો માટે તા. ૧૭ માર્ચ સોમવાર, સવારે ૮.૦૦ કલાકે સેકટર-૭.૦૦ બગીચામાં ધૂળેટી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગૃપના સભ્યો ધૂળેટીના દિવસે ભેગા મળી કેશૂડાના રંગમાં રંગાઈ જશે. તેમજ તમામ સભ્યોને તા. ૧૬ રવિવાર સાંજે ૬.૦૦ કલાકે ઉપરોક્ત સ્થળે હાજર રહેવા જણાવ્યું છે.

# હોળી-ધૂળેટીની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રંગ-ઉમંગના પર્વ હોળીના તહેવારની દેશવાસીઓને હૃદયપુર્વકની શુભકામનાઓ પાઠવી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આનંદ-ઉલ્લાસ અને રંગ-ઉમંગના આ પર્વની ઉત્સાહપૂર્ણ ઉજવણી જેમ જ લોકશાહીના સૌથી મોટા પર્વ ૨૦૧૪ની આગામી લોકસભા ચૂંટણીઓમાં પણ ઉત્સાહથી ભાગ લઈ ભારતનું ઉજ્જવળ ભાવિ સુનિશ્ચિત કરવા હૃદયસ્પર્શી અપીલ કરી છે.

# પાલજમાં પરંપરાગત રીતે ઉજવાતા હોળી દહનમાં અનોખી શ્રધ્ધા-ભકિતના દર્શન

### ધગધગતા અંગારા પર દરેક કોમના લોકો ખુલ્લા પગે ચાલે છે : હોળીના મેળામાં માનવ મહેરામણ ઉમટી પડશે

ગાંધીનગર, તા.૧૫

દેશમાં ફરી એક વાર રંગોનો ઉત્સવ હોળી આવી પહોંચ્યો છે. હોળીના તહેવારનું પૌરાણિક અને ધાર્મિક મહત્વ ભારતીય સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વનું ગણાય છે. આખો દેશ આ દિવસે હોળી પ્રગટાવી પરંપરાગત રીતે હોળી ઉજવે છે અને બીજા દિવસે એકબીજાને રંગો વડે રંગીને સંપૂર્ણ મસ્તી અને ઉલ્લાસપૂર્વક ધુળેટીની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં પણ હોળી ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. શહેરની નજીક આવેલા પાલજ ગામે તે હોળીના દર્શન પછી પડેલા અંગારા પર શ્રધ્ધાળુઓ ખુલ્લા પગે ચાલવાની હોડ લગાવે છે.

ગાંધીનગરના પાદરે આવેલા પાલજ ગામે વર્ષો જૂની પરંપરા મુજબ હોળી ઉજવાય છે. અહીં હોળીના દિવસે પૌરાણિક મહાકાળી માતાજીના મંદિરે હોળી પ્રગટાવાય છે. પરંતુ તે પહેલા આખા દિવસ દરમિયાન હોળી માટે ગામના દરેક ઘરમાંથી એક લાકડુ હોળી પ્રગટાવવા માટે આપવામાં આવે છે એટલે કે દિવસ દરમિયાન સ્વૈચ્છિક રીતે જાતપાતના ભેદભાવ વગર દરેક ઘરમાંથી એક લાકડું ઘરના વ્યકિતઓ પધરાવી આવે છે. જેનાથી હોળી માટે એક મોટો લાકડા અને અન્ય જલાઉ વસ્તુનો પહાડ રચાય છે. સાંજે જયારે હોળી પ્રગટાવવાનો સમય નજીક આવે ત્યારે યુવાનો દ્વારા વગાડાતા ઢોલના ડંકે મુખી વાસના મુખીપણું ભોગવતા પરિવારોની આગેવાની હેઠળ ગામના દરેક પુરુષો માતાજીનો જયઘોષ કરતા એકત્ર થાય છે. આ સમયે દરેક પુરુષના હાથમાં એક લાકડી હોય છે જેની ઉપર જારનો પૂળો બાંધેલો હોય છે તેની ટોચે એક ખાસ માળા બનાવેલી લગાડેલી હોય છે.

અસત્ય પર સત્યના વિજય અને અનિષ્ઠને ભસ્મ કરી પવિત્રને પામવાની પરંપરાગત શ્રધ્ધાના આધારે બનાવાતી આ માળામાં એક કાચી કેરી, કાચા રાયણ, મહુડાના ફુલ અથવા બીજ અને તેની સાથે રાયણના પાન ગુંથેલા હોય છે. દરેક ઘરમાં જેટલા પુરુષો હોય તેટલી માળા ગુંથવામાં આવે છે. જે પૂળાના સાંઠે બાંધી દરેક પુરુષ હાથમાં લઈ ઢોલ વાગતા જ હોળી પ્રાગટય માટે માતાજીના જય ઘોષ સાથે એકઠા થાય છે. આ સમયે કોઈ પણ જાતના નાત-જાત કે કોમના ભેદભાવ વગર ઠાકોર, બ્રાહ્મણ, દરબાર, હરિજન સહિત ગામમાં વસતી દરેક કોમના પુરુષો હાથમાં સાંઠે બાંધેલા પૂળા અને તેની ટોચે બાંધેલી માળા સાથે આવી પહોંચે છે. ત્યાર બાદ ગાયકવાડ સરકારના શાસન વખતે મુખી પણું ભોગવતા પરીવારની આગેવાની સાથે પુરુષો હોળીની પ્રદક્ષિણા કરે છે અને હોળી પ્રગટાવે છે. તેમાં પૂળા સાથે માળાને હોમી દેવામાં આવે છે. આ સાંઠે માળાની સાથે સૌથી ઉપર એક નાની ધજા લગાડેલી હોય છે જેને પણ હોળીમાં હોમવામાં આવે છે. હોળીની અગ્નિના કારણે આ ધજાઓ હવામાં અર્ધ બળેલી હાલતમાં ઉડે છે જેને ઝીલવા માટે મેળામાં હાજર ગ્રામવાસીઓમાં હોડ જામે છે જેને કારણે એક અલૌકિક દશ્ય સર્જાય છે. વળી, હોળીની અગ્નિના કારણે ઉંચે પવનમાં ઉડતી ધજા કઈ દિશામાં જાય છે તેના આધારે આવવાની આખી મૌસમ કેવી રહેશે તેના વર્તારા નક્કી થાય છે. ધજાને પ્રસાદ માની તેને મેળવવા રીતસર પડાપડી થાય છે.

હોળી દહન અને તેના દર્શન પછી ગ્રામવાસીઓ પોતપોતાના ઘરે પરત ફરે છે અન રાત્રે ૧૧ વાગે ફરીથી એકઠા થાય છે. આ સમયે પાલજ અને તેની આસપાસના વિસ્તારોના ગામોમાંથી પણ લોકો દર્શનાર્થે આવે છે જેના કારણે મોટો મેળો જામે છે. આ સમયે ગામના દરેક કોમના યુવાનો હોળીના અંગારા પર ચાલે છે. માતાજીના જય ઘોષ સાથે ધગધગતા અંગારાઓ પર માત્ર શ્રધ્ધાના બળે ખુલ્લા પગે ચાલવાનો સીલસિલો લગભગ વહેલી પરોઢ સુધી ચાલે છે. આખી રાત દરમિયાન એક અંદાજ મુજબ આશરે ૭૦ થી ૮૦ હજાર લોકો મેળાનો લ્હાવો માણે છે અને દર્શન કરી ધન્યતા અનભવે છે. આશ્ચર્યજનક રીતે શ્રધ્ધાળુઓ પણ પ્રહલાદની જેમ દાઝયા વગર જ ધગધગતા અંગારાઓ પરથી પસાર થઈ જાય છે. શ્રધ્ધા અને કોમી એખલાસનો દુર્લભ સમન્વય આ મેળા દરમિયાન જોવા મળે છે.

# પાંચ વર્ષ થઈ ગયા પરંતુ જિલ્લાના લોકરક્ષકો પુરતા પગારથી વંચિત..!

### બીજા જિલ્લાના લોક રક્ષકોને પુરા પગાર મળવાના શરૂ પણ થઈ ગયા પરંતુ ગાંધીનગરના એલ.આર.ની પાસે ફરજીયાત આઈ.ટી.આઈ.ના સીસીસી સર્ટી મંગાવ્યા..!

ગાંધીનગર, તા. ૧૬

લોકરક્ષક તરીકે વર્ષ-૨૦૦૯માં ભરતી થયેલા તમામના પાંચ વર્ષ પુર્ણ થઈ ગયા છે. બીજા જિલ્લાના મોટા ભાગના લોકરક્ષકો પુરતો પગાર મેળવતા થઈ ગયા છે. પરંતુ ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા લોકરક્ષકો હજુ પુરતા પગારથી વંચિત છે. આઈ.ટી.આઈ.નું સીસીસી સર્ટી સબમીટ કરાવવા સુચના હવે અપાઈ છે. જો કે પહેલા ભરતી વખતે સબમીટ કરેલા સીસીટી સર્ટી જે તે સમયે ગ્રાહ્ય ગણી લેવાયા હતા. હવે જિલ્લાના લોકરક્ષકો મુંઝવણમાં મુકાઈ ગયા છે.

ગાંધીનગર જિલ્લામાં સવાસોથી વધુ લોકરક્ષકો છે જે ૨૦૦૯માં થયેલી ભરતીમાં પોલીસ દળમાં જોડાયા હતા. પાંચ વર્ષ થતા મહેસાણા, બનાસકાંઠા સહિતના કેટલાય જિલ્લામાં ૨૦૦૯ની ભરતીના લોકરક્ષકો પુરો પગાર મેળવતા થઈ ગયા છે. પરંતુ ગાંધીનગર જિલ્લાના સવા સોથી વધુ લોકરક્ષકો હજુ પણ તેનાથી વંચિત છે. ભરતી સમયે સીસીસી સર્ટી રજુ કરાયું હતું તે ગ્રાહ્ય રાખવામાં આવ્યું હતું પરંતુ હવે આઈ.ટી.આઈ.માંથી પાસ કરાયેલુ સર્ટી માંગવામાં આવ્યુંછે. પાંચ વર્ષ થયા બાદ આ નવુ ગતકડુ કાઢવામાં આવતા લોકરક્ષકો મુંઝાયા છે. પહેલા આ અંગે જાણ કરાઈ હોત તો અત્યાર સુધીમાં આઈટીઆઈમાંથી સીસીસી પાસ કરીને સર્ટી રજુ કરી દીધુ હોત તેવો બળાપો લોકરક્ષકો ઠાલવી રહ્યા છે.

# સેકટર-પમાં ઘર આંગણેથી બોલેરો જીપ ચોરાઈ ગઈ...!

### રાત્રે અઢી વાગ્યે જીપ ચાલુ થયાનો અવાજ આવતા માલિક બહાર પણ આવ્યા પરંતુ ત્યાં સુધીમાં ચોરો ફરાર થઈ ગયા

ગાંધીનગર, તા.૧૫

શહેરનાં સેકટર-પસી ખાતે રહેતા અને મશીનરીનો ધંધો કરતા વેપારીએ પોતાની બોલેરો જીપ રાત્રે ઘર આંગણે પાર્ક કરી હતી. અઢી વાગ્યાના અરસામાં તેમની જીપ ચાલુ થયાનો અવાજ આવતા તરત જ બહાર આવીને જોયું તો ત્યાં સુધીમાં વાહનચોરો તેમની ૪ લાખની બોલેરો જીપ ચોરીને ભાગી રહ્યા હતાં. વાહનમાલિકે ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-પ-સી ખાતે પ્લોટ નં. ૮૭૬/૧ ખાતે રહેતા સુનીલભાઈ ભાઈલાલભાઈ ગજ્જર મશીનરીનો બિઝનેસ કરે છે. મશીનરીનો માલસામાન હેરફેર કરવા બોલેરો જીપ નં. જીજે ૧૮-બીબી-૩૧૪૮નો ઉપયોગ કરે છે. આજે આ બોલેરો લઈને માલ આપવા રાજસ્થાન જવાનું હતું. જેથી જીપમાં જ લાયસન્સથી માંડીને તમામ કાર્ડસ તથા ડોકયુમેન્ટસ મુકયા હતાં. રાત્રે જીપ ઘર આંગણે પાર્ક કરીને તેઓ સુઈ ગયા હતાં. દરમિયાન અઢી વાગ્યાના અરસામાં જીપ ચાલુ થઈ હોવાનો અવાજ તેમની પત્નિને આવતા સુનીલભાઈને ઉઠાડયા હતાં. સુનિલભાઈએ બહાર જઈને જોયું તો તેમની બોલેરો ચોરીને વાહનચોરો ભાગ્યા હતાં. સે-૭ પોલીસે ગુનો દાખલ કરી બોલેરો ચોરને પકડી પાડવા પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ તપાસ આરંભી છે.

# નિષ્પક્ષ ચૂંટણી માટે થોકબંધ એસ.એમ.એસ. પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪નું મતદાન તા. ૩૦મી એ-િલ, ૨૦૧૪ના રોજ થનાર છે. મતદાન નિષ્પક્ષ અને નિર્ભય રીતે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થોકબંધ એસ.એમ.એસ અને સરકારી ખર્ચે -િન્ટ, ઈલેકટ્રોનિક અને અન્ય માધ્યમો દ્વારા જાહેરાત ન થાય તેમજ મતદાન મથકો અને મતગણતરી કેન્દ્રોમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટના ઉપયોગ પર -તિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરે જાહેરનામામાં જણાયું છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૪નું મતદાન આગામી તા. ૩૦મી એ-િલ, ૨૦૧૪ રોજ થનાર છે. તેમજ મત ગણતરી તા. ૧૬મી મે, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત મતદાન મથકો અને મત ગણતરી કેન્દ્રોમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટનો ઉપયોગ કરી શકાશે. નહી. આ મર્યાદાઓ કાયદો અને વ્યવસ્થાની સથિતિના ચાર્જમાં હોય તેવા અધિકારીઓ અને ફરજ પર મુકેલા સલામતી માટેના કર્મચારીઓ તથા પંચ દ્વારા નિમાયેલા નિરીક્ષકોને અને મત ગણતરી મથકના ઈન્ચાર્જ અધિકારીઓને લાગું પડશે નહી.

તે ઉપરાંત ચૂંટણી સમય દરમ્યાન વાંધાજન એસ.એમ.એસ (શોર્ટ મેસેજ સર્વિસ) કે જે ચૂંટણીના કાયદાઓ, આદર્શ આચારસંહિતા અને એસ.એમ.એસ (શોર્ટ મેસેજ સર્વિસ) અંગેની પંચની સૂચનાઓનું ઉલ્લંઘન કરે તેના પર -તિબંધ મુકવામાં આવ્યો છે. -ચારના સમયમાં વૈકલ્પિક ચૂંટણીના ભાગરૂપે થોકબંધ એસ.એમ.એસ મોકલવાની -ક્રિયાને આ સેવા પુરી પાડવામાં સમાવિષ્ટ કિંમતને સંબંધિત ઉમેદવાર અથવા ઉમેદવારનાં ખર્ચમાં વહેચવામાં આવશે. મતદાન પૂર્ણ થવાના નિયત કરેલ સમયથી ૪૮ કલાક પહેલાંના સમયગાળા દરમ્યાન રાજકીય સ્વરૂપના થોકબંધ એસ.એમ.એસ (શોર્ટ મેસેજ સર્વિસ) પર -તિબંધ મુકવામાં આવ્યો છે.

ચૂંટણી સમય દરમ્યાન સરકારી ખર્ચે વર્તમાનપત્રો અને અન્ય માધ્યમોમાં (ઈલેકટ્રોનિક માધ્યમો સહિત) કોઈ પણ -કારની જાહેરાતો -સિધ્ધ કરી શકશે નહી તેમજ સિધ્ધીઓ અંગેની -સિધ્ધી અને રાજકીય સમાચારોના આંશિક કવરેજ માટે લોક માધ્યમોનો દુરપયોગ કરી શકશે નહી. ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની લોકસભા સામાન્ય ચૂંટણી- ૧૪ની સમગ્ર ચૂંટણી -ક્રિયા પુરી થયા ૨૮મી મે, ૧૪ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ - ૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

## ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાાલશ્રીએ વિદ્યાર્થિનીઓ સાથે આજના યુગમાં શિક્ષણનું જે મહત્વ છે તેના ઉપર રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણના માધ્યમથી દેશ અને સમાજના વિકાસની નવી ક્ષિતિજો આંબી શકાય છે. આ પ્રસંગે કોલેજના આચાર્ય અને શિક્ષણગણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે જીવ કલ્યાણ સંસ્થાની સભા

ગાંધીનગર, તા.૧૫

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સભા તા. ૧૬ માર્ચ રવિવાર સાંજે ૫-૦૦ કલાકે પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડ સેકટર-૨૨ ખાતે રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળશે. સંસ્થાના સભ્યો અને નગરજનોને હાજર રહેવા મંત્રી આર.પી. વ્યાસે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૩૯ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦
: સ્ક્રીન-૨ :
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
: સ્ક્રીન-૪ :
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦
નેબર્સ : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦
ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦
ગુલાબ ગેન્ગ : ૩.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા (કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : અટકેલા કામ પૂરા થવાની સંભાવના છે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. લલીતાબેન પ્રેમશંકરભાઈ ભટ્ટ(ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૭૫૪, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. દલસંગભાઈ રેવાભાઈ ચૌધરી(ઉ.વ. ૯૬) પ્લોટ નં. ૧૫૫/૧, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. ભીખીબેન બાબુલાલ પટેલ (ઉ.વ. ૬૫) મુ.પો. રીદ્રોણ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મણાજી આતાજી ઠાકોર(ઉ.વ. ૭૫) મુ.પો. પુન્દ્રાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીવરામભાઈ મોહનલાલ પરમાર(ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૫૭૯/૧, સેકટર૭/બી, ગાંધીનગર.
- સ્વ. રમેશચંદ્ર રતિલાલ શાહ(ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૪૮૫/૨, સેકટર-૧૨/બી, ગાંધીનગર.
- સ્વ. શનાજી ગાભાજી ઠાકોર (ઉ.વ. ૫૪) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.